# મે. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ, અમદાવાદ શહેર.

**ક્રિ.કેસ નં:– ૧૦૭૨૬૦ / ૨૦૨૨**

**આંક – ૦૪**

| | | | |
|---|---|---|---|
| **ફરીયાદી** | : | | **શ્રી સરકાર ( કુ. કે.આર.દવે, ઔષધ નિરીક્ષક)** |
| | | | **વિ રૂ ધ્ધ** |
| **આરોપીઓ** | : | (૧) | **મે. ડી.કે.ફાર્મા (દવાની હોલસેલ વિક્રેતા પેઢી)<br>ઠે. જીએફ–૨૪,૨૫,૨૬,૨૭,૩૪,૩૫,૩૬, એફ.એફ.૯, હરેકૃષ્ણા કોમ્પલેક્ષ, આશ્રમરોડ, નવરંગપુરા, અમદાવાદ.** |
| | | (૨) | **શ્રી ધવલભાઈ કિરીટભાઈ ભાવસાર<br>પેઢી મે.ડી.કે.ફાર્મા જીએફ–૨૪,૨૫,૨૬,૨૭,૩૪,૩૫,૩૬, એફ.એફ.૯,હરેકૃષ્ણા કોમ્પલેક્ષ, આશ્રમરોડ, નવરંગપુરા, અમદાવાદ એ નામની દવાની હોલસેલ પેઢીના માલિક.<br>રહે. ૮, વૃંદાવન સ્ટેટ બેન્ક સોસાયટી, નિયર ભાવસાર હોસ્ટેલ, નવાવાડજ, અમદાવાદ.** |
| | | (૩) | **શ્રી અરૂણ લક્ષ્મણભાઈ રાવલ<br>રહે. એકસ/૫૦૧, દેવનંદન સુપ્રિમસ, આરએએફ કેમ્પ સામે, નિયર ગેલેક્ષી ટાઉનશીપ, વસ્ત્રાલ, અમદાવાદ.** |

**ગુનો :– ધી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૨૩ મુજબ કમીટલ હુકમ**

(૧) સદરહું આરોપીઓ સામે ઔષધ અને સૌંદર્ય પ્રસાધન ધારો સને ૧૯૪૦ ની કલમ 18 (a)(vi), 18 (c), 18-B ના ભંગ અન્વયે સદર ધારાની શિક્ષાત્મક કલમ 27 b(ii), 27(d), 28A મુજબના ગુના અન્વયે ફરીયાદ કરવામાં આવેલી. જે ફરીયાદ અત્રેની અદાલતમાં દાખલ થતાં આરોપીઓને સમન્સ કાઢતા હાજર થયેલા અને તેમને નકલો આપ્યા બાદ, ઉપરોકત ધારાની કલમ ૧૮ મુજબના શિક્ષાપાત્ર ગુનાઓ હોય સુધારેલ કલમ–૨૭ મુજબ નામદાર સત્ર અદાલતની હકુમત હેઠળ આવતો હોઈ ગર્વમેન્ટ ઓફ ઈન્ડીયાના એકસ્ટ્રા ઓર્ડર ગેઝેટના પાર્ટ–૨, સેકશન–૧ ના અનુક્રમ નં.૨૬/૨૦૦૮ તા.૦૫/૧૨/૨૦૦૯ થી ઉપરોકત સુધારો અમલમાં આવેલ હોઈ

આક્ષેપાયેલ ગુનાની ટ્રાયલ માનનીય સેશન્સ અદાલત સમક્ષ ઈન્સાફી કાર્યવાહી કરવાપાત્ર હોઈ અત્રેની અદાલતને ઈન્સાફી કાર્યવાહી કરવાની સત્તા રહેતી ન હોવાથી સી.આર.પી.સી.ની કલમ ૩૨૩ મુજબ નામદાર સેશન્સ અદાલતને કમીટ કરવાનો નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>હુ ક મ</u>**

૧). ધી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૨૩ મુજબ આ કામની ઈન્સાફી કાર્યવાહી માટે માનનીય સત્ર અદાલતને આ કેસ કમીટ કરવામાં આવે છે.

૨). આ કામનું રેકર્ડ તથા મુદ્દામાલ વિગેરે માનનીય સેશન્સ અદાલતમાં મોકલી આપવો.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તારીખ:– ૨૯/૧૧/૨૦૨૫
અમદાવાદ.

**( એસ. જે. પંચાલ )**
ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
અમદાવાદ શહેર.
યુનિક કોડ નં.જીજે૦૦૮૬૪.